છે પ્રયત્નરત સહુ તે છતાં આ સવાર કેમ થતી નથી!
ને યુગો યુગોથી આ રાત છે, એ પસાર કેમ થતી નથી!

કદી તારી ભાવસભર નજર, એ હકાર કેમ થતી નથી?
ને કદી કળાય ઉપેક્ષા જે એ નકાર કેમ થતી નથી?

બધી બારીઓને ઉઘાડી મેં, તે છતાં પ્રવેશી ન ખુશ્બુઓ
અને ઘરમાં છે જે હવડ હવા તે ફરાર કેમ થતી નથી?

ખુશી સ્વાંગ બદલીને જે રીતે સદા વેદના બની જાય છે
કદી રૂપ બદલી મનોવ્યથા તું કરાર કેમ થતી નથી?

મને ખ્યાલ છે કે આ જિંદગી એ ગતિનું નામ છે તે છતાં
એ રઝળવું કેમ બની જતી એ લટાર કેમ થતી નથી?

કૃપા થાય તોય અમુક ઉપર, અને એય થાતી જરાતરા
એ થતી ન કેમ બધા ઉપર? એ અપાર કેમ થતી નથી?

◆

બહુ અવઢવ પછી એને અમસ્તી બહાર કાઢી છે
ઘણા અરસા પછી સ્મરણોની થપ્પી બહાર કાઢી છે

નજર મારી પડી ટેબલના ખાનામાં જ્યાં પત્રો પર
ત્યાં ઝાંપે ફેરિયો બોલ્યો કે, પસ્તી બહાર કાઢી છે?

તમે દુશ્મનને કરવા માત સઘળાં શસ્ત્ર અજમાવ્યાં
અમે બસ એકલી જાદુની ઝપ્પી બહાર કાઢી છે!

જુઓને થઈ ગયું મઘમઘ બધું પળવારમાં કેવું!
હજુ હમણાં જ મેં સારપની ડબ્બી બહાર કાઢી છે.

જીવનભર હાથ ઝાલ્યો જેનો મેં, એ સત્ય ટૂંકુંટચ!
નકામી તર્કની તેં માપપટ્ટી બહાર કાઢી છે

◆

તારા વગર જીવાય નહીં એવું કંઈ નથી
પણ દિલમાં કંઈ જ થાય નહીં એવું કંઈ નથી

તારા વિચારમાત્ર વમળ છે ખરા છતાં
તેમાંથી નીકળાય નહીં એવું કંઈ નથી

મળવાનાં કોઇ પણ હવે કારણ નથી છતાં
કારણ વગર મળાય નહીં એવું કંઈ નથી

તરતાં ન આવડે તો કિનારા ઉપર ફરો
દરિયા નજીક અવાય નહીં એવું કંઈ નથી

હમણાં ખબર પડી કે આ દુનિયા વિશાળ છે
વર્તુળ કદી તજાય નહીં એવું કંઈ નથી

◆

રાખ્યાં છે મેંય બોરાં, હજુ શક્યતા ખરી
આવેય રામ ઓરા, હજુ શક્યતા ખરી!

વરસે કદાચ ફોરાં, હજુ શક્યતા ખરી
રહેશું ન સાવ કોરાં, હજુ શક્યતા ખરી

સપનાંના લીરેલીરા સતત ગોઠવ્યા કરે
પૂછે છે સોયદોરા, હજુ શક્યતા ખરી?

વાસું હું દ્વાર, એ પછી તક આવે આંગણે
લઈલઈને હારતોરા, હજુ શક્યતા ખરી

શહેરો તરફ જવાનાં જે બસસ્ટેન્ડ થઈ ગયાં
એ થાય ગામ-ચોરા, હજુ શક્યતા ખરી?

નીકળી તું બલ્લીમારાંથી, દુનિયા ઘૂમી, ગઝલ!
તું આવે બિલ્લીમોરા, હજુ શક્યતા ખરી...

વિચારો, કલ્પનાઓ, ઊર્મિ, સપનાં, દર્દની સિલ્લક
બધું ભેગું કરી મેં આપી દીધું ‘જિંદગી’ શીર્ષક

ઝીણે અક્ષર લખી’તી કમનસીબી હાથમાં ભરચક
બિલોરી કાચ લઈ જો ને બની બેઠું આ મન વાચક

લગાવે ડૂબકી ભીતર અને એ બહાર આવે છે
વિચારું છું કે આ શ્વાસો છે મરજીવા કે સંશોધક?

કરી લેશે ઘણાયે ડોકિયું સર્જકના જીવનમાં
છુપાવ્યું લીટીઓ વચ્ચે ભલેને કાળજીપૂર્વક

અખતરા ‘હર્ષવી’ કરવા જ હો તો થોડાં જોખમ છે
તમારે ધારવાં પડશે એ જોખમને જ આકર્ષક

◆

કાળજી રાખી, ન ક્યાંયે જોડણીની ભૂલ થઈ
ડાયરીમાં એક સ્થાને લાગણીની ભૂલ થઈ

માનીતી ન હોવું એ અળખામણીની ભૂલ થઈ?
વાર્તામાં રાણીની સરખામણીની ભૂલ થઈ!

પદ, પ્રતિષ્ઠા, પ્રેમ, પૈસો સહુ સ્વયંવરમાં હતા
પ્રેમ પર ઢોળ્યો કળશ એ હાથણીની ભૂલ થઈ?

યાદ ધીમી આંચના ચૂલે ચડાવી રાખી'તી
જો થઈ કેવી દશા આ ચાસણીની, ભૂલ થઈ!

જિંદગી સાથે દુઃખદ યાદો તમે જોડ્યા કરી
ને હવે કહો છો કે આ તો ટાંકણીની ભૂલ થઈ!

◆

ક્યાં કહું છું મન ખુદનું મારવું જરૂરી છે
પણ કદી બીજાનું મન રાખવું જરૂરી છે

ચાહવાને માટે પણ જીવવું જરૂરી છે
જીવવાને માટે પણ ચાહવું જરૂરી છે

જ્યાં નથી વરસવું ત્યાં ગાજવું નકામું છે
ક્યાં નથી વરસવાનું જાણવું જરૂરી છે

સુખ નહીં તો સુખની બસ, કલ્પના જીવાડી દે
જ્યાં ન હોય પાણી ત્યાં ઝાંઝવું જરૂરી છે

આંખ આંજી નાખે છે જ્યારે જ્યારે અજવાળું
જોવું હો કશુંક ચોખ્ખું, નેજવું જરૂરી છે

દર્દ એક જૂનું છે, એ બની ગયું આદત
એટલે તો લાગે છે કે નવું જરૂરી છે

◆

ક્યાં સુધી સેવ્યા કરીશ આ બીકને!
'જે કરું છું, છે બધું એ ઠીક ને?'

રહી ગયા છે ઠેરના બસ ઠેર એ
જે ઊભા જોતા રહ્યા ટ્રાફિકને

સૂર્યને અંધારનો મતલબ પૂછ્યો,
ડર વિશે પૂછ્યું તમે નિર્ભીકને..!

વિશ્વની જાદુગરી જોતાં રહ્યાં
આપણે સમજ્યાં ન એકેય ટ્રીકને!

આવ ખામોશી! ગળાનો હાર બન
બહુ ગળે વળગાડી માથાઝીંકને!

◆

મળે જ્યાં ઢાળ ત્યાં ઢળવું સ્વભાવમાં જ નથી
નજર છે ઊંચે, ઉતરવું સ્વભાવમાં જ નથી

દરેક પર્ણને ખરવું પસંદ હોય નહીં
છતાં ખરે છે, અખરવું સ્વભાવમાં જ નથી

મુસીબતોને મહોબત કરીને જીવી જશું
કે કરગરીને ઉગરવું સ્વભાવમાં જ નથી

ઉડાન મારી અહીં પાંખને છે આભારી
પતંગ જેવું તો ઊડવું સ્વભાવમાં જ નથી

સમય, સુગંધ, પવન, પાણી જેવા તારા વિચાર
સતત વહે છે, અટકવું સ્વભાવમાં જ નથી

કોઈ પણ કારણ વગર ડૂમો ભરાયો છે, ભલા
શબ્દ મારો ક્યારનો એમાં દટાયો છે, ભલા

આંખ મીંચીને સતત દોડ્યા કરે છે આ સમય
એય નક્કી કોઈનાથી દોરવાયો છે, ભલા

આમ શ્વાસોશ્વાસમાં છલકાય નહિ તો થાય શું?
એક અત્તરનો કળશ ભીતર દટાયો છે, ભલા

આપણી મહેફિલ વધુ લાંબી નહીં ચાલી શકે
એટલે તેં ભૈરવી સંબંધ ગાયો છે ભલા..?

'હર્ષવી' હથિયાર હેઠાં મૂકતાં પહેલાં પૂછો -
નર મરાયો કે પછી કુંજર મરાયો છે, ભલા?

◆

પીડા સાથે પ્રેમ થયો છે
કવિને એવો વહેમ થયો છે

બાકોરાં છે જેની છતમાં
એ જગનો હાકેમ થયો છે!

સૌ જાણે છે પાગલ છે એ
કોઈ ન જાણે કેમ થયો છે!

મોટો થઈને શું પામ્યો એ?
નામ મટી સરનેમ થયો છે

જેણે લોઢું ચમકાવ્યું એ
પારસ ક્યારે હેમ થયો છે?

છલકે છે હૈયામાં નદીઓ
પાંપણ ઉપર ડેમ થયો છે

◆

દોસ્ત! જો આવી શકે તો આવ તું
આ ઉદાસીને જરા સમજાવ તું

શૂન્યતાને, શક્ય છે, ફણગો ફૂટે
એક-બે ટહુકા હૃદયમાં વાવ તું

છો હકીકતમાં ફરક પડશે નહીં
કૈંક લઈ આવે તો સપનાં લાવ તું

કોયડા જેવો સમય ને ઠોઠ હું
તું ગણિત જાણે છે, તો સુલઝાવ તું

તું મલમ છે એય સાચું છે અને
કારમો વિસ્તરતો ઊંડો ઘાવ તું

આ તરફથી ટોચ બોલાવે મને
મન ઢળે છે જે તરફ, ઢોળાવ તું

◆

જે સમય તારા તરફ ફંટાય છે
આખરે એ હાશમાં પલટાય છે

મેં કહ્યું કે ચોતરફ અન્યાય છે
આંખ મીંચી સહુ કહે, ‘દેખાય છે’

જિંદગીમાં એટલું સમજાય છે
જિંદગીનો જિંદગી પર્યાય છે

ટોચને પૂછ્યું હતું મેં ખીણથી
‘જોઉં તો, મારાથી ત્યાં પહોંચાય છે?’

જેને ચર્ચાનો સતત ડર હોયને
એ જ તો સૌથી વધુ ચર્ચાય છે

ખર્ચવા માટે જમા કરવાં’તાં સુખ
સુખને માટે જિંદગી ખર્ચાય છે

◆

‘જિંદગી જીવાય છે એ વહેમ છે’-
વહેમ એવો થાય છે એ વહેમ છે

આપણાં પગલાં જીવનભરનાં સહુ
મોતથી ભૂંસાય છે એ વહેમ છે

‘મેં કર્યું’ કહી દો નિખાલસ થઈ કદીક
‘આપણાથી થાય છે’ એ વહેમ છે

છે ઘણું સારું અહીં, મંજૂર પણ
અહીંયાં જેવું ક્યાંય છે? - એ વહેમ છે

એ ભલે વિકલ્પ મારો હોય પણ
મારો એ પર્યાય છે એ વહેમ છે

એ જે સમજાવે છે આખા વિશ્વને
એને ખુદ સમજાય છે એ વહેમ છે

◆

હંમેશાં જાય છે બીજે, કદીક તો આમ આવે
અમારા ભાગ્યમાં પણ જિંદગીના જામ આવે

એ આશા ક્યાં કે તમને કંઈ અમારું કામ આવે
છતાં આવો, જે રીતે શબરીદ્વારે રામ આવે

તમે ભૂલા પડો જો અધવચાળે કોઈ વેળા
તે વખતે માર્ગમાં, ચાહું કે મારું ગામ આવે

તમારી યાદને પણ સાચવીને રાખવી છે
ઉદાસીમાં વટાવીશ તો ઊંચેરા દામ આવે!

તમારી થાય ગણના શાણપણની વાત આવ્યે
વિષય દીવાનગીનો હો, અમારું નામ આવે

◆

બાકી બધાં જ ફૂલ રહ્યાં ફૂલછાબમાં
તારું જ સાચવીને મેં રાખ્યું કિતાબમાં

બહાનાં કે વારતા ન ઉમેરો જવાબમાં
હા-ના તો સ્પષ્ટ હોય, ન શોભે નકાબમાં

સંકોચમાં નજીક ન આવી શકે ઘણા
રહી જાય દૂર સાવ અમુક તો રૂઆબમાં

કરવું જ હો કશુંક તો મનગમતું કૈં કરો
રોક્યા કરે વિચાર તો સારા-ખરાબમાં

કાંટા ને ફૂલની જ ગણતરી નથી જીવન
ચાહતની થોડી મહેંક ઉમેરો હિસાબમાં

◆

ન તો તર્કની, ન તો ટેવની, ન કોઈ તણાવની વાત છે
નથી વાત કોઈ વિચારની, આ હ્દયના ભાવની વાત છે

એ નયનમાં ભીનાં નિમંત્રણો કે ઊંડા તળાવની વાત છે?
મને એમ ખેંચે એ તળ સુધી, કે અજાણી વાવની વાત છે

એ ઉખાણાં જેવું કરે વહાલ ને ઉકેલવા હું મથ્યા કરું
હતી ચાહના તો સહેલની, આ વમળમાં નાવની વાત છે!

કરે ભીતરે કોઈ આવજા અને ચૂપકીદીની મળે સભા
ને વિરહ મળ્યો મને બોલકો, શી અજબ લગાવની વાત છે!

ન તો પાર કરવા છે કોઈ ભવ, નથી મોક્ષની કશી લાલસા
રહું મસ્ત ફક્ત હું આજમાં અને રખરખાવની વાત છે

◆

છો ને ગીતા નથી કુરાન નથી
પંખીઓ ગાય એ શું જ્ઞાન નથી?

જ્ઞાન એવું તો કંઈ મહાન નથી
લાગણીઓને જેમાં સ્થાન નથી

કોઈ માટે કશું કર્યું તો કર્યું
એ સહજ હો, દયા કે દાન નથી

વાર્તા જિંદગીની રસપ્રદ છે
એક પ્રકરણનાં થોડાં પાન નથી

હોંશ છે વ્યક્ત થઈ જવાની મને
પણ જગત પાસે સરવા કાન નથી

કાલે તરછોડી આજે આવી ફરી
ઓ ઉદાસી! તને સ્વમાન નથી?

લાગણીમાં તો તોલમાપ ન કર!
દિલ, તું દિલ છે ભલા! દુકાન નથી

◆